70 146

વર્ષ:૨૦૧૪ નાં વિલંબિત ચોમાસાં/અપુરતા વરસાદનાં કારણે ઉભી થયેલ પીવાનાં પાણીની તંગી નિવારક ઉપાયો અન્વયે પંચાયત વિભાગે કરેલ હેન્ડપંપોની મરામત કરવા બાબત

ક્રમાંકઃ વી.ડબ્લ્યુ.એસ/૧૦/૨૦૧૪/૫૬૭ /ખ-૪
નર્મદા જળ સંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
સચિવાલય,ગાંધીનગર તાઃ .૦૩../૭/૨૦૧૪

**પરિપત્રઃ-**

સરકારશ્રીનાં લગત વિભાગો દ્વારા પીવાનાં પાણીની તંગી નિવારક પગલાંઓ અન્વયે જરૂરી આયોજન અને કાર્યવાહી યુધ્ધનાં ધોરણે હાથ ધરી લોકોને પૂરતું પીવાનું પાણી મળી રહે તે બાબતે નક્કર કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

આ બાબતને વધુ અસરકારકતાં નાં પગલાં રૂપે જરૂરી માર્ગદર્શન અને સૂચનો મળી રહે તે હેતુસર મુખ્ય સચિવશ્રી(ગુજરાત રાજ્ય)નાં અધ્યક્ષ સ્થાને મળેલ તા:૧.૦૭.૨૦૧૪નાં રોજની સમીક્ષા બેઠકમાં રાજ્યનાં જુદા જુદા જિલ્લાઓમાં પંચાયત વિભાગ દ્વારા કરવામાં હેન્ડપંપોના મરામત અને નિભાવણીનાં કામો પૂરતો વરસાદ થાય ત્યાં સુધી ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા હાથ ધરવામાં આવે તેવો નિર્ણય લેવામાં આવેલ છે. ઉપરોક્ત સમયબાદ આ હેન્ડપંપોનાં રીપેરીંગ અને નિભાવણીની જવાબદારી જેતે સંબંધિત પંચાયતની જ રહેશે.

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા જે હેન્ડપંપો રીપેર કરવામાં આવે તે અંગેનું ખર્ચ ચાલુ વર્ષની મંજુર જોગવાઇમાંથી મેળવવાનું રહેશે.

ઉક્ત બાબતને ધ્યાને લઇ સઘળા જિલ્લામાં પંચાયત દ્વારા કરવામાં આવેલ **હેન્ડપંપોની** યાદી તથા તેને મરામત કરવા માટે જે કઇ ફરિયાદો મળેલ હોય, તેની યાદી સંબંધિત કાર્યપાલક ઇજનેરશ્રી, જાહેર આરોગ્ય યાંત્રિક વિભાગ, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડને મોકલી આપવા જાણ કરવામાં આવે છે.

મુખ્ય ઇજનેર તથા અધિક સચિવ

**નકલ સવિનય રવાના પ્રતિ:-**

- માનનીય મંત્રીશ્રી(પા.પુ)ના અંગત સચિવશ્રી,માન.મંત્રીશ્રી(પા.પુ.જળસંપત્તિ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ , સચિવાલય , ગાંધીનગર તરફ જાણ થવા વિનંતી છે.
- માન.મુખ્ય સચિવશ્રી (ગુજરાત રાજ્ય) ના અંગત સચિવશ્રી, નવા સચિવાલય, ગાંધીનગર તરફ જાણ થવા વિનંતી છે.
- માન.અગ્ર સચિવશ્રી,પંચાયતનાં અંગત મદદનીશશ્રી,મા.અગ્ર સચિવશ્રીનું કાર્યાલય, પંચાયત, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ થવા વિનંતી છે.
- માન.અગ્ર સચિવશ્રીનાં અંગત મદદનીશશ્રી,મા.અગ્ર સચિવશ્રી(પા.પુ) નું કાર્યાલય, ન.જ.સં ,પા. પુ.અને ક.વિભાગ,બ્લોક નં.૭, નવમો માળ, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ થવા વિનંતી છે.
- માનનીય અધ્યક્ષશ્રીનાં અંગત સચિવશ્રી, માન.અધ્યક્ષશ્રી(પા.પુ. બોર્ડ)નું કાર્યાલય, ગાંધીનગર તરફ જાણ થવા વિનંતી છે.
- માન. સભ્ય સચિવશ્રી ગુ.પા.પુ. અને ગ.વ્ય.બોર્ડ, અને અધિક સચિવશ્રી (આયોજન) ગાંધીનગર તરફ જાણ થવા વિનંતી છે.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, (WASMO) જલસેવા ભવન,સેકટર-૧૦એ,ગાંધીનગર.
- ચીફ જનરલ મેનેજરશ્રી,(GWIL) બ્લોક નં-૧,પ્રથમ માળ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નાણાં નિયંત્રકશ્રી,ગુ.પા.પુ. અને. ગ. વ્ય. બોર્ડ,ગાંધીનગર.

- નાણાં સલાહકારશ્રી,નર્મદા,જળસંપત્તિ,પા.પુ અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર

-માન.મંત્રીશ્રી ના અંગત સચિવશ્રી, (સર્વે)

-માન.રાજ્ય કક્ષાનાં ના અંગત સચિવશ્રી, (સર્વે)

નકલ જયભારત સહ રવાના પ્રતિ:-

- મુખ્ય ઇજનેરશ્રી, યાંત્રિક/મો & પ્લા/ટેક અને મટી.(સિ), ગુ.પા.પુ. અને. ગ.વ્ય.બોર્ડ, સેકટર- ૧૦(એ), ગાંધીનગર.

- મુખ્ય ઇજનેરશ્રી, ઝોન-૧/૨/૩/૪/૫, વડોદરા/અમદાવાદ/રાજકોટ/ભુજ/જુનાગઢ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી કરવા સારૂ.

- કલેકટરશ્રી(સર્વે) ____________________

- જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ(સર્વે) ________________

નકલ રવાના પ્રતિ,

- અધિક્ષક ઇજનેર, જાહેર આરોગ્ય યાંત્રિક વર્તુળ, (સર્વે) ____________ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી કરવા સારૂ.

- કાર્યપાલક ઇજનેર, જાહેર આરોગ્ય યાંત્રિક વિભાગ,(સર્વે) ___________ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી કરવા સારૂ.